ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# કર્મચારીઓને દિવાળી પહેલા દિવાળી

### ઓક્ટોબર માસનો પગાર દિવાળી પહેલા થઈ જશે : પગાર સિવાયના એલાઉન્સ પણ એડવાન્સમાં મળશે

ગાંધીનગર, તા. ૧૨

સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને સરકારે વધુ એક ભેટ આપી છે. કર્મચારીઓ અને પેન્શનરો દિવાળીની સારી રીતે ઉજવણી કરી શકે તે માટે ઓક્ટોબર માસનો પગાર દિવાળી પહેલા જ કરવાનો નિર્ણય લેવાયો છે. ઓક્ટોબર માસનો પગાર ૧૭, ૧૮ અને ૧૯ તારીખે જમા થઈ જશે.

દિવાળી એટલે વર્ષનો મોટામાં મોટો તહેવાર. દિવાળી અને બેસતા વર્ષે નવી ખરીદીની મોસમ જામે છે. નવા કપડાંથી લઈને ઘરવખરીની ખરીદી તેજ બને છે. ઈલેક્ટ્રોનિક્સના સામાનની ખરીદી પણ વ્યાપક થાય છે. દિવાળીની ખરીદી શરૂ થઈ ગઈ છે ત્યારે રાજ્ય સરકારે કર્મચારીઓના હિતમાં નિર્ણય લઈ તેમની દિવાળી સુધારી દીધી છે. નાણા વિભાગે આજે જાહેર કરેલા ઠરાવમાં દિવાળી પહેલા ઓક્ટોબર માસનો પગાર ચૂકવી દેવાના હૂકમ થયા છે.

આ વર્ષે દિવાળીનો તહેવાર ૨૪મી ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવશે. દિવાળીના તહેવારને ધ્યાને રાખીને ઓક્ટોબર-૨૨ના પગાર ભથ્થા તથા પેન્શનની ચૂકવણી વહેલી કરી દેવાશે. ઓક્ટોબર માસનો પગાર અને પેન્શન ૧૭, ૧૮ અને ૧૯મી ઓક્ટોબરના રોજ જમા થઈ જશે. આ નિર્ણયથી રાજ્યના કર્મચારીઓ અને પેન્શનરો ખુશ ખુશાલ બન્યા છે. દિવાળીની ખરીદીમાં પણ તેજી આવશે.

# ચૂંટણી પહેલાં રાજ્યના ૨૩ IASની બદલીના આદેશ

### ગુજરાતમાં ચૂંટણીનો ગરમાવો જામ્યો : એમ થેન્નારસનને સંદીપ સાંગલેને સ્થાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા કમિશનર બનાવાયા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં ચૂંટણીનો ગરમાવો જામ્યો છે. ગુજરાત બીજેપી સંગઠન અને દિલ્હીથી મોવડી મંડળના આંટાફેરા વધ્યા છે અને આમ આદમી પાર્ટી પણ લડી લેવાના મૂડમાં છે તો શાંત પાણીએ કોંગ્રેસ મક્કમતાથી આગળ વધી રહી છે ત્યારે હવે ગુજરાતના બ્યુરોક્રેટ્સમાં ચૂંટણીપૂર્વે મોટા ફેરફાર થયા છે.

ગુજરાત સરકારે બુધવારે બપોરે ૨૩ આઈએએસ ઓફિસરની બદલીનો આદેશ બહાર પાડ્યો છે. આ યાદીમાં ભાવનગર, ગાંધીનગર કલેક્ટરોની બદલી સહિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ નવા કમિશનર મળ્યા છે. સરકારી આદેશ અનુસાર એમ થેન્નારસનને સંદીપ સાંગલેને સ્થાને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા કમિશનર બનાવાયા છે. થેન્નારસન અગાઉ ગાંધીનગર જીઆઈડીસીના વાઈસ ચેરમેન અને એમડી તરીકે ફરજ બજાવી રહ્યાં છે. આ સિવાય અમદાવાદના નવા કલેક્ટર તરીકે આઈએએસ ધવલ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

આ સિવાય આણંદના કલેક્ટર તરીકે ડી એસ ગઢવીની ટ્રાસફર થઈ છે. ધર્મેન્દ્રસિંહ જાડેજાને દેવભૂમિ દ્વારકાના ડીડીઓ બનાવાયા છે.

# ડિફેન્સ એક્સપોમાં શહેરની શાળાના ૬ હજાર વિદ્યાર્થીઓ લાભ લેશે

### વિદ્યાર્થીઓને સંરક્ષણ દળો અંગે જાણકારી અને પ્રેરણા મળે તે માટે નવતર આયોજન

દેશમાં ૧૨માં ડિફેન્સ એક્સપોના આયોજન માટે ધમધમાટ તૈયારીઓ ચાલી રહી છે નગરના હેલિપેડ એક્ઝીબિશન સેન્ટરમાં પણ તેનું આયોજન કરવા તૈયારીઓ ચાલી રહી છે જયારે ૬ હાજર બાળકો અને શિક્ષકોને પણ તેનો લાભ મળે તે માટે જોવાનો માટે તંત્ર કામે લાગ્યું છે વિદ્યાર્થીઓ પણ દેશના સંરક્ષણ દળો અને નવીન લશ્કરી તકનીકની જાણકારી

**૨૧ અને ૨૨મી ઓક્ટોબરે પ્રદર્શન નિહાળવાના જાહેર જનતા માટે લાભ મળે તેવું આયોજન**

મેળવે તેવા ઉમદા આશયથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ આ એક્સપોની મુલાકાત લેશે

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા આ મામલે શિક્ષણ વિભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તંત્રની સાથે પરામર્શના અંતે આયોજન આખરી કરાશે સૂત્રોના જણાવ્યા મુજબ આ મુદ્દે જિલ્લા તંત્રને જાણ કરીને જરૂરી આયોજન કરવા માટે ગુજરાત માધ્યમિક અને ચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે આ મામલે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા માટે જિલ્લા તંત્ર સાથે વિડીયો કોન્ફરન્સ ગોઠવીને માર્ગદર્શન અપાશે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ડિફેન્સ એક્સપોની ૧૨મી આવૃતિનું આયોજન તારીખ ૧૮થી ૨૨ ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગર કરવામાં આવશે એક્સપોમાં મિલેટ્રીના અદ્યતન સાધન સરંજામ, ટેકનોલોજી, ડિફેન્સ ફોર્સિસ ઉપરાંત એરોસ્પેસ અને ડિફેન્સ સેક્ટરની જાણીતી કંપનીઓ દ્વારા પ્રદર્શન યોજાશે ત્યારે વિદ્યાર્થીઓને સંરક્ષણ દળો વિશે પ્રેરણા મળે અને પ્રોત્સાહન મળવાની સાથે બાળકોને નવીન લશ્કરી તકનીકોની જાણકારી મળે તેના માટે તારીખ ૨૧ અને ૨૨મી ઓક્ટોબરે પ્રદર્શન નિહાળવાના જાહેર જનતા માટેના દિવસો દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોને લાભ મળે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. શાળાઓમાં યોજાઇ રહેલી સત્રાંત પરીક્ષાઓ પણ ડિફેન્સ એક્સપો પહેલા પુરી થઈ જવાની છે અને દિવાળી વેકેશન પડી જવાનું હોવાથી બાળકો પણ હળવાશમાં એક્ષપોનો લાભ લઈ શકશે



દિવાળીનું કાઉન્ટ-ડાઉન : દિવાળીના આગમન પૂર્વે બજારમાં ચહલ-પહલ વધી છે... ઘર સજાવટની વસ્તુઓથી લઈ ટી.વી., ફ્રીઝ સુધીના બજાર માલનો સ્ટોક ભરી રહ્યા છે... જાતજાત અને ભાતભાતની લોભામણી જાહેરાતો વધતી જાય છે... શહેરના ફુટપાથ પર અને ખાસ કરીને બજારોની આસપાસ ઘર સજાવટની ચીજવસ્તુઓની જમાવટ થઈ રહી છે... ૧૭મી બાદ ખરીદીનો માહોલ જામશે...

# શહેર-જિલ્લામાં એક પણ કેસ કોરોનાનો નથી નોંધાયો

### પાંચ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી. શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ ન નોંધાયો હોય તેવી ઘટના છેલ્લા દસ દિવસમાં આજે બીજીવાર બની છે.

શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો આજે પણ તંત્રના સૂત્રો કરી રહ્યા છે. રિકવરી રેટ ૯૭ ટકાની આસપાસ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેર-જિલ્લામાં આજે પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં બે અને ગાંધીનગર શહેરમાં ૩ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં પ્રિકોશન ડોઝ અભિયાનની કામગીરીને સઘન બનાવવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાનો કેસ ન નોંધાતા તંત્રએ થોડીક રાહત પણ અનુભવી છે.

# મહાનગરપાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલની બદલી

### કલેક્ટર તરીકે ડી.કે. પ્રવિણાની નિયુક્તી કરાઈ તો મનપામાં કમિશનર તરીકે સંદીપ સાંગલેની નિયુક્તી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલની આજે



બદલી કરાઈ છે તો ગાંધીનગર કલેક્ટરની ખાલી પડેલી જગ્યા પર કચ્છના કલેક્ટર ડી.કે. પ્રવિણાની નિયુક્તી કરવામાં આવી છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે સનદી અધિકારીઓની કરેલા બદલીના હુકમમાં જિલ્લાના બે સનદી અધિકારીઓની બદલીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે ટુંકાગાળામાં ભારે લોકચાહના પ્રાપ્ત કરી છે. ડૉ. ધવલ પટેલે મનપામાં વહીવટીય સુધારણા માટે શ્રેણીબદ્ધ પગલાં લેવા ઉપરાંત ગાંધીનગર શહેરની હદ વધતાં નવી ટી.પી. સ્કીમો બનાવવામાં આપેલ યોગદાન નોંધનીય રહ્યુ છે. ડૉ. ધવલ પટેલે ગાંધીનગર મનપાની

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના બે મામલતદાર બદલાયા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના મહેસુલ વિભાગે ગઈ મોડી રાત્રે ૭૦ મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો તેમજ ૨૮ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપતા હુકમો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં દબાણ મામલતદાર તરીકે ફરજો બજાવતા જેનિલ શાહની અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ચૂંટણી શાખામાં નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત દહેગામ મામલતદાર તરીકે ફરજો બજાવતા સુશ્રી ડૉ. ડી.એ. ભારાઈની બદલી કરજણ મામલતદાર તરીકે કરવામાં આવી છે.

દહેગામ મામલતદાર તરીકે નર્મદા જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા એ.એસ. વસાવાની નિમણુંક કરવામાં આવી છે.

મામલતદાર દબાણ તરીકે સાબરકાંઠા જિલ્લામાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા વાય.એ. સિંધીની નિમણુંક કરવામાં આવી છે.

# નવા સચિવાલય સંકુલમાં ૮ કરોડના ખર્ચે નવુ પાર્કીંગ પ્લેસ ઉભુ કરવાનુ કામ શરૂ

### સચિવાલયના ત્રણ ખુણામાં પાર્કીંગ વ્યવસ્થા છે જયારે ચોથા ખુંણે પાર્કીંગ તૈયાર કરવાનુ કામ પણ આગામી ત્રણ મહીનામાં પુર્ણ કરી દેવાશે : ૮૦૦ ટુ વ્હીલર અને ૪૦૦ ફોર વ્હીલર પાર્ક થઇ શકશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના નવા સચિવાલયમાં હાલની સ્થિતિએ ત્રણ ખુણામાં પાર્કીંગ વ્યવસ્થા ઉપલબ્ધ છે. જયારે બાકી રહેતા ચોથા કોર્નર પર પણ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે જયારે આ પાર્કીંગ પ્લેસ પર ૪૦૦ કાર તેમજ ૮૦૦ ટુ વ્હીલર પાર્ક થઇ શકે તે મુજબની વ્યવસ્થા ઉભી કરાશે. આ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવાની કામગીરી આગામી ત્રણ મહીનામાં પુર્ણ કરી દેવાશે.

શહેરમાં વધતા વાહનોની સાથે મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ પાર્કીંગની સમસ્યા પેચીદી બનતી જાય છે. જેના લીધે હાલ શહેરના કોર્મશિયલ ઝોનમાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. પાર્કીંગ માટે પુરતી જગ્યાનો અભાવ તેમજ દબાણો ઉપરાંત પાર્કીંગ સેન્સનો અભાવ સહીતના પરિબળો આ માટે જવાબદાર છે. આ સ્થિતિ વચ્ચે નગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ પાર્કીંગ સુવિધાઓનો અભાવ વર્તાય છે. જેના લીધે નજર નાંખો ત્યાં ઠેર ઠેર વાહનોનો ખડકલો થયેલો જોવા મળે છે. ત્યારે વિશાળ કાય સચિવાલય સંકુલમાં પણ પાર્કીંગની સમસ્યાને ડામવા માટે હવે સંકુલના ચોથા ખુણે પણ પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. નવા સચિવાલયમાં ગેટ નં - ૧ થી પ્રવેશ મેળવ્યા બાદ મંત્રી કાર્યાલય તેમજ બ્લોક નં - ૧ થી ૭ માં જવાનુ હોય તેમના માટે બે ઠેકાણે પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ છે. જયારે બ્લોક નં - ૮ થી ૧૪ તેમજ વિધાનસભામાં જવા માટે માત્ર એક જ ઠેકાણે પાર્કીંગ છે. આવા સંજોગોમાં વિધાનસભા સત્ર કાર્યરત હોય ત્યારે વાહન પાર્કીંગ સેવા પોલીસ તંત્ર માટે પણ કઠીન બની જાય છે. જયારે હાલ સચિવાલય સંકુલના ત્રણ ખુણા પૈકી એક ખુણામાં પાર્કીંગની વ્યવસ્થા છે. અલબત્ત પાર્કીંગ પ્લેસ છે. જયારે હાલ અન્ય એક જગ્યાએ એટલે કે સચિવાલય સંકુલના ચોથા ખુણે નવી પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. જેના લીધે અમુક ઠેકાણે રસ્તા પણ બંધ કરી દેવાયા છે. નવા સચિવાલયના બ્લોક નં - ૯ પાસે નવુ પાર્કીંગ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જેની પાછળ રૂ ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે યુધ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. પાર્કીંગ પ્લેસને સુવિધાસભર બનાવવા માટે સિમન્ટ કોંક્રીટના રસ્તા બાંધવા પેવર બ્લોક

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૨૨મી ડિસેમ્બરથી કાતિલ ઠંડીનો પ્રારંભ થશે

### નવેમ્બર સુધી બેવડી ઋતુનો અહેસાસ થશે : દિવસે તાપમાન ઉંચુ અને રાત્રે નીચુ રહેશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. ચોમાસાની વિદાય બાદ હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. હવે થોડાક જ દિવસોમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. ૨૨મી ડિસેમ્બર બાદ કડકડતી ઠંડીનો પ્રારંભ થશે તેવી આગાહી જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ દા. પટેલે કરી છે.

ચોમાસાની પાછલી અસરના ભાગરૂપે ગુજરાતના કેટલાક ભાગોમાં હજુ વરસાદી ઝાપટા પડી રહ્યા છે. જો કે આ વરસાદ ખેડૂતોની ચિંતાનું કારણ બની રહ્યુ છે. ચોમાસુ પાક તૈયાર થતા હાલમાં પડી રહેલો વરસાદ નુકશાનકારક છે. ગુજરાતમાં સામાન્ય રીતે ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં ઠંડી પડતી હોય છે. હાલમાં તો બેવડી ઋતુનો જ અનુભવ થશે. શિયાળાનો પ્રારંભ ક્યારથી થશે તે અંગે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે ગુજરાતમાં ૨૨મી ડિસેમ્બર બાદ કડકડતી ઠંડી પડશે અને આ ઠંડી લાંબી ચાલશે. જો કે ગુજરાતમાં ઉત્તર તરફના સીધા પવનો ફૂંકાય ત્યારે કડકડતી ઠંડી પડે છે. ઠંડા અને સૂકા પવન ફૂંકાવવાનું શરૂ થાય ત્યારબાદ લઘુત્તમ તાપમાન ઘટશે. પરંતુ હાલમાં તો બેવડી ઋતુ જ અનુભવાશે. દિવસે આકરો તડકો અને ગરમી લાગશે જ્યારે રાત્રે ઠંડી અનુભવાશે.

## આજે પેથાપુર ચોકડી પર ભાજપની જાહેર સભા કેન્દ્રીય મંત્રીઓ સંબોધશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજે આવી રહેલ ગુજરાત ગૌરવ યાત્રાને લઈ શહેર ભાજપ દ્વારા આજે પેથાપુર ચાર રસ્તા ખાતે જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યુ છે.

બપોરે ૧.૪૫ કલાકે યોજાનાર આ જાહેરસભાને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન તથા કપિલ પોરેશ્વર પાટીલ સંબોધન કરશે.

આજે છત્રાલ ખાતે આ યાત્રા પ્રવાસ કરશે અને જિલ્લાની પાંચેય વિધાનસભાના ૧૩ જેટલા સ્થળોએ ભ્રમણ કરી સાંજે આગળ અરવલ્લી જિલ્લામાં જશે.

પેથાપુર ખાતે યોજાયેલ જાહેરસભાને લઈ ભાજપના આગેવાનોએ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. ગાંધીનગર શહેરમાં પેથાપુર ચાર રસ્તા ખાતે સભા થયા બાદ યાત્રા ઘ-૫ આવશે અને આ પછી ચિલોડા-મગોડી થઈ દહેગામ જશે.

# ટાઉનહોલ નવેમ્બર અંત સુધીમાં તૈયાર થઈ જશે

### બુકીંગ માટે ઓનલાઇન પ્રક્રીયા રહેશે : હોલના નવિનીકરણ બાદ ભાડામાં પણ અંદાજિત ૨૦ ટકાનો વધારો થવાની સંભાવના : એકથી વધુ બુકીંગ આવે તેવા કીસ્સામાં ડ્રો કરાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના એકમાત્ર ટાઉનહોલનુ રીનોવેશનનુ કામ ઝડપથી પુર્ણ થાય તે માટે નગરની કલાસંસ્થાઓ તેમજ કલાકારો વિશેષ ઉત્સુક છે. ત્યારે શરૂઆતથી વિલંબમા પડેલા આ પ્રોજેકટનુ કામ હવે પુર્ણતા તરફ આગળ વધી રહ્યુ છે. આગામી નવેમ્બર મહીનાના અંતે કે ડિસેમ્બરના પ્રારંભ સુધીમા ટાઉનહોલ તૈયાર થઇ જશે હાલ મોટાભાગનુ સિવિલ કામ પુર્ણ થઇ ગયુ છે જયારે ઇલેકટ્રીફીકેશનની કામગીરી ચાલી રહી છે. જયારે આગામી દિવસોમાં ટાઉનહોલના ભાડામા પણ અંદાજિત ૨૦ ટકાનો વધારો કરવામાં આવે તેવી સંભાવના છે. જયારે ટાઉનહોલનુ બુકીંગની પ્રક્રીયા પણ ઓનલાઈન થઈ જશે.

ગાંધીનગરનો ટાઉનહોલ મરણપથારીએ હોવાથી માર્ગ મકાન વિભાગ દ્વારા હોલનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. ટાઉનહોલ છેલ્લા બે વર્ષથી બંધ હાલતમાં છે. જયારે અંદાજિત રૂ ૧૮ કરોડના ખર્ચે ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. ટાઉનહોલ લાંબા સમયથી બંધ હોવાના લીધે હોલનુ કામ ઝડપથી પુર્ણ થાય તે માટે પણ અવારનવાર માંગણી ઉઠવા પામે છે. જયારે ટાઉનહોલનુ મુળ માળખુ યથાવત રાખીને બાકી તમામ સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. જેમાં બેઠક વ્યવસ્થા પણ આરામદાયક બને તે મુજબ આયોજન કરાયુ છે. જયારે લાઈટીંગ અને એ સી પ્લાન્ટ સહીત સ્ટેજ અને ઓડીયો વિડીયો સિસ્ટમનુ પણ સંપુર્ણ નવિનીકરણ કરાશે કલાકારો માટેના ગ્રીનરૂમ તેમજ લીફટ પણ મુકવામાં આવશે. જેના લીધે કલાકારો અને

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વરસાદી વાયરા બાદ ઠંડી ગરમીના પારામાં ૩ ડીગ્રીની ચઢ ઉતર

### દિવસનુ તાપમાન ૩૬ ડીગ્રી નજીક પહોંચતા આકરો તાપ : રાત્રિના સમયે લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રીથી ૨૨ પહોંચ્યુ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં નવરાત બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ વરસાદી વાતાવરણ સર્જાયુ હતુ જયારે બે દિવસ સુધી વરસાદી ઝાપટા વરસતા ભીંજારાનો માહોલ સર્જાયો હતો જયારે છેલ્લા ત્રણ દિવસથી મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. જેના લીધે છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો થયો છે. જયારે ઠંડીનુ પ્રમાણ પણ વધ્યુ છે. અલબત્ત રાત્રિનુ તાપમાન પણ ૨૨ ડીગ્રી નજીક પહોંચ્યુ છે. જેના લીધે મોડી રાત્રે ઠંડીની અસર વર્તાય છે.

શહેરમાં વરસાદની વિદાય સાથે મોસમમાં પણ બદલાવ જોવા મળે છે. છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં બદલાવ જોવા મળે છે. જો કે આ બદલાવ વચ્ચે દિવસનુ તાપમાન ૩૫.૪ ડીગ્રી સુધી પહોંચી ગયુ છે જયારે રાત્રિનુ તાપમાન ૨૪.૯ ડીગ્રીથી નીચે ઉતરીને ૨૨.૭ ડીગ્રી આવી જતા મોડીરાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાય છે. જયારે દિવસનો તાપ હજુ આકરો લાગે છે. જો કે હજુ વાતાવરણમા ભેજનુ પ્રમાણ હોવાથી દિવસના આકરા તાપ વચ્ચે બફારાનુ પ્રમાણ પણ વધ્યુ છે. જેના લીધે નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા છે. નવરાત બાદ અચાનક જ મોસમમાં પલ્ટો આવ્યો હતો જેના લીધે સતત બે દિવસ સુધી હળવા ભારે ઝાપટાથી શહેરમાં ફરી એકવાર ચોમાસાની મોસમે જમાવટ કરી હોય તેવો નઝારો સર્જાયો હતો જયારે છેલ્લા ત્રણ દિવસથી ધીમા પગલે શિયાળાની શરૂઆત થઈ રહી હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. જો કે દિવસે ગરમીનુ પ્રમાણ વધ્યુ છે. મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી નજીક પહોંચતા નગરજનો આકરો તાપ અનુભવી રહ્યા છે. તો બીજીતરફ રાત્રિનુ તાપમાન પણ ઉંચકાયુ છે. અલબત્ત છેલ્લા ત્રણ દિવસમાં જ લઘુત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો ફેરફાર જોવા મળે છે. ત્યારે હવામાન તજજ્ઞોના મતે નજીકના દિવસોમાં ગુલાબી ઠંડીની મોસમ શરૂ થઈ જશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com